## આવેદનપત્ર :

પ્રતિ,
માનનીય મુખ્યમંત્રીશ્રી,
ગુજરાત રાજ્ય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

વિષય: TAT-HS (ઉચ્ચત્તર માધ્યમિક) મુખ્ય પરીક્ષાની તારીખો વારંવાર બદલાવાના કારણે મુશ્કેલીમાં મુકાયેલ ઉમેદવારોને અગાઉની એસ.ટી. બસ ટિકિટની રકમનું "પૂરેપૂરું રિફંડ આપવા બાબત.

સંદર્ભ:
(૧) રાજ્ય પરીક્ષા બોર્ડનો પરિપત્ર ક્રમાંક: રાપબો/TAT-HS MAINS/૨૦૨૬/૭૮૩૮, તા.૧૦/૦૭/૨૦૨૬
(૨) રાજ્ય પરીક્ષા બોર્ડનો પરિપત્ર ક્રમાંક: રાપબો/TAT-HS MAINS/૨૦૨૬/ તા.૩૧/૦૭/૨૦૨૬

માનનીય સાહેબશ્રી,
સવિનય સાદર પ્રણામ સાથે જણાવવાનું કે હું તિતિક્ષાબેન ઠક્કર (પ્રમુખ, જલારામ સખી મંડળ, રતાડીયા, તા. મુંદરા - કચ્છ), કચ્છ જિલ્લા સહિત સમગ્ર ગુજરાતના લાખો બેરોજગાર ભાવિ શિક્ષક ઉમેદવારો અને તેમના વાલીઓ વતી આ આવેદનપત્ર આપ આપશ્રીને સાદર રજૂ કરી રહી છું.
રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા લેવાનાર "શિક્ષક અભિરુચિ કસોટી (ઉચ્ચત્તર માધ્યમિક) - ૨૦૨૬" ની મુખ્ય પરીક્ષાની તારીખોમાં વારંવાર કરવામાં આવેલ ફેરફારોના કારણે ઉમેદવારો ભારે આર્થિક અને માનસિક યાતના ભોગવી રહ્યા છે.

વાસ્તવિક સ્થિતિ અને ગંભીર સમસ્યાઓ:
૧. તારીખોમાં વારંવાર ફેરફાર: સૌપ્રથમ આ પરીક્ષા તા. ૧૯/૦૭/૨૦૨૬ ના રોજ લેવાનું નક્કી થયું હતું. ત્યારબાદ બદલીને તા. ૦૨/૦૮/૨૦૨૬ કરવામાં આવી અને હવે છેલ્લી ઘડીએ તા. ૩૧/૦૭/૨૦૨૬ ના રોજ પરિપત્ર કરીને આ પરીક્ષા તા. ૦૮/૦૮/૨૦૨૬ ના રોજ લેવાશે એવું જાહેર કરવામાં આવ્યું છે.
૨. GSRTC ની ટિકિટ નીતિ અને મુશ્કેલી: કચ્છ જેવા દૂરના જિલ્લાઓમાંથી અમદાવાદ કે અન્ય કેન્દ્રો પર પરીક્ષા આપવા જતા ઉમેદવારોએ અગાઉથી બસ ટિકિટ બુક કરાવવી પડે છે. GSRTC ના નિયમ મુજબ ટિકિટનું રિશેડ્યુલિંગ માત્ર એક જ વાર શક્ય બને છે. અગાઉ ૧૯ જુલાઈની ટિકિટ ૨ ઓગસ્ટ માટે રિશેડ્યુલ કરાવી લીધા બાદ હવે ૮ ઓગસ્ટની નવી તારીખ માટે એ જ ટિકિટ ફરીથી રિશેડ્યુલ કે કેન્સલ થઈ શકતી નથી.
૩. બસોમાં જગ્યાનો અભાવ (રિશેડ્યુલિંગ હવે અશક્ય): હાલમાં ૮ ઓગસ્ટ માટેની પરીક્ષા માટે મોટાભાગની એસ.ટી. બસોનું બુકિંગ ફૂલ થઈ ગયું છે. જો સરકાર હવે માત્ર ટિકિટની તારીખ બદલવા (રિશેડ્યુલ) નો આદેશ આપે તો પણ ઉમેદવારોને બસમાં જગ્યા (ખાલી સીટ) મળે તેમ ન હોઈ રિફંડ જ એકમાત્ર ઉપાય બચે છે.
૪. આર્થિક શોષણ: ખાનગી કે સેલ્ફ-ફાઇનાન્સ શાળાઓમાં માસિક રૂ. ૫,૦૦૦ થી ૭,૦૦૦ ના અત્યંત અલ્પ વેતનમાં શોષણનો ભોગ બનેલા ઉમેદવારો કાયમી નોકરીની આશાએ આ પરીક્ષા આપતા હોય

છે. પરંતુ સરકારની ભૂલ ને કારણે જો વારંવાર ટિકિટોના રૂ. ૧,૫૦૦ થી ૨,૦૦૦ ગુમાવવાનો વારો આવે તે આ ગરીબ અને બેરોજગાર ઉમેદવારો માટે અસહ્ય આર્થિક ફટકા સમાન છે.

ઉમેદવારોની નમ્ર માંગ - પૂરેપૂરી રકમ રિફંડ: જે ઉમેદવારોએ અગાઉની પરીક્ષા (૧૯ જુલાઈ/૨ ઓગસ્ટ) માટે GSRTC માં ટિકિટ બુક કરાવી હતી તે ઉમેદવાર પોતાની અગાઉની બસ ટિકિટ અને પરીક્ષાની હોલ ટિકિટનો આધાર સાથે રજૂ કરે એટલે તેને ટિકિટની પૂરેપૂરી રકમ (૧૦૦% રિફંડ) ચૂકવવામાં આવે.

રાજ્ય સરકાર હંમેશાં પ્રજાજનો અને યુવાનો પ્રત્યે સંવેદનશીલ રહી છે ત્યારે આ કિસ્સામાં પણ રાજ્ય પરીક્ષા બોર્ડ અને GSRTC વચ્ચે યોગ્ય સંકલન સાધીને લાખો બેરોજગાર યુવાનોને આર્થિક નુકસાનમાંથી ઉગારવામાં આવે અને તાકીદે ટિકિટના રૂપિયા રિફંડ આપવાનો આદેશ કરવામાં આવે તેવી નમ્ર અરજ છે.

આપના સકારાત્મક અને ત્વરિત નિર્ણયની અપેક્ષા સહ,

આપની વિશ્વાસુ,

*Titixa Thacker*

(તિતિક્ષાબેન પ્રકાશચંદ્ર ઠક્કર)

પ્રમુખ, જલારામ સખી મંડળ

રતાડીયા, તા. મુંદરા - કચ્છ

નકલ સવિનય રવાના જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થે:

1. નિયામકશ્રી, GSRTC, ગુજરાત રાજ્ય, અમદાવાદ
2. વિભાગીય નિયામકશ્રી, GSRTC, ભુજ.
3. સચિવશ્રી, રાજ્ય પરીક્ષા બોર્ડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.

તારીખ: ૦૨/૦૮/૨૦૨૬